નં.જનસ/આરસીપીએસ એકટ/વશી/૧૧૭ થી ૧૪૪/૨૦૧૬
કલેકટર કચેરી, જનસંપર્ક શાખા, મહેસાણા.
તા. ૨૫/૦૪/૨૦૧૬

**વંચાણમાં લીધું::–**

(૧) સંયુકત સચિવશ્રી સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃઆરસીપીએસ –૧૦૨૦૧૬ –૧૯૦–વસુતાપ્ર–૪, તા.૧૯–૩–૨૦૧૬

(૨) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ની કલમ–૨(ધ), ૫ અને ૬

(૩) ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો–૨૦૧૪

(૪) સંયુકત સચિવશ્રી ગૃહવિભાગ ગાંધીનગરના જાહેરનામાક્રમાંકઃજી.એસ./૩૧/૨૦૧૬/એન. એ.પી./ ૧૦૨૦૧૩/૧૪૧૬/પી, તા.૨૨/૩/૨૦૧૬

(૫) નાયબ સચિવશ્રી મહિલા અને બાળવિકાસ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ જી.એસ./૨/ ૨૦૧૬/એમ.આલ.એસ./૧૦૨૦૧૩/૯૪/ડી, તા.૨૯/૩/૨૦૧૬.

(૬) નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ જી.એચ.એમ/૨૦૧૬/ ૧૦૪/પી.આર.સી./૧૦૧૬/૨૭૨/એલ.૧, તા.૩૦/૩/૨૦૧૬

(૭) સંયુકત સચિવશ્રી મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ જી.એચ.એમ/૨૦૧૬/૧૦૫/ બી.કે.પી./૧૦૨૦૧૩/૧૮૩/કે, તા.૩૧/૩/૨૦૧૬

(૮) સંયુકત સચિવશ્રી અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગાંધીનગરના જાહેરનામાંક્રમાંકઃજી.ટી.એચ/૨૦૧૬/૧૭/પી.આર.સી./૧૧/૨૦૧૩/૨૨૮૧/સી, તા.૧૫/૩/૨૦૧૬

(૯) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃજીએચએમ/૨૦૧૬/૧૦૩ /પી.આર.સી./૧૦૧૫/૭૧૮/Z, તા.૨૯/૩/૧૬.

**–::હુકમ::–**

ગુજરાત સરકારે પસાર કરેલ આમુખ–(૨) અને (૩) માં જણાવેલ ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ તથા નિયમો–૨૦૧૪ નો આમુખ–(૧)માં જણાવેલ નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૩/૨૦૧૬ના પત્રથી તા.૦૧/૦૪/૨૦૧૬થી અમલ કરવાનો નિર્ણય કરેલ છે. તે અન્વયે સેવાઓ મેળવવા મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી તથા મુકરરસત્તાધિકારીની નિમણૂંક કરવાની જોગવાઈઓ કરેલ છે.

નામ.સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ગાંધીનગરના પત્રક્રમાંકઃ આરસીપીએસ/૧૦૨૦૧૬/૨૦૩/વસુતાપ્ર/૪, તા.૦૪/૦૪/૨૦૧૬થી માર્ગદર્શક સૂચનાઓ અત્રે મોકલી આપેલ છે. તે મુજબ અત્રેની કચેરી તથા તાબાની મહેસૂલી કચેરીઓ માટે મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી તથા મુકરરસત્તાધિકારીની નિમણૂંક કરવાની થાય છે.

આમુખ–(૪) થી (૮) માં જણાવ્યા મુજબના અલગ અલગ વિભાગોએ આ અધિનિયમની કલમ–૪ નીચે આપવાની થતી સેવાઓનો સમયગાળો નકકી કરવા જાહેરનામાથી પ્રસિધ્ધિ કરેલ છે.

આથી હું લોચન સેહરા આઈ.એ.એસ. કલેકટર મહેસાણાના ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ ની કલમ–૨(ધ),૫ તથા ૬ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૬ના પત્રથી આપેલ સામાન્ય માર્ગદર્શક સૂચનાઓ મુજબ મને મળેલ સત્તાની રૂએ અત્રેની કચેરી/પ્રાન્ત કચેરીઓ/મામલતદાર કચેરીઓ તથા તાબાની અન્ય મહેસૂલી કચેરીઓ માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના અધિકારીશ્રીઓને મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી તથા મુકરરસત્તાધિકારીની નિમણૂંક કરવા આથી હુકમ કરુ છું.

ઉપરોકત નિયુકત કરેલ અધિકારીશ્રીઓએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગની વખતો વખતની સૂચનાઓ તથા ગુજરાત(જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ તથા નિયમો–૨૦૧૪ ની જોગવાઈઓ ઘ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે.
સદરહું આદેશનો ચુસ્ત પણે અમલ કરવો.

સહી/–
(લોચન સેહરા)
**કલેકટર મહેસાણા**

<u>**નકલ સ. રવાના**</u> :–

(૧)સંયુકત સચિવશ્રી સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) સંયુકત સચિવશ્રી ગૃહવિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૩) સંયુકત સચિવશ્રી મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૪) સંયુકત સચિવશ્રી અન્ન,નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોની વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૫) નાયબ સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૬) જીલ્લા વિકાસ અધિકારીશ્રી મહેસાણા તરફ જાણ સારૂ
(૭) પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા તરફ જાણ સારૂ

<u>**નકલ રવાના**</u> :–

(૧) સબંધિત મુકરર અધિકારીશ્રી/ફરિયાદ નિવારણ અધિકારીશ્રી તરફ જાણ વ અમલ સારૂ.
(૨) કચેરી મજકુરની ફોજદારી શાખા/પુરવઠા શાખા/હિસાબી શાખા/ગણોત શાખા તરફ જાણ સારૂ.

# <u>પરિશિષ્ટ</u>

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ–૨૦૧૩ તથા નિયમો–૨૦૧૪ અન્વયે મુકરર અધિકારી, ફરિયાદ નિવારણ અધિકારી અને મુકરર સત્તાધિકારીશ્રીઓ દર્શાવતું પત્રક.

| અ.નં. | સેવાનો પ્રકાર | સમય મર્યાદા | કાર્યક્ષેત્ર | મુકરર અધિકારીશ્રી | ફરિયાદ નિવારણ અધિકારીશ્રી | મુકરર સત્તાધિકારીશ્રી | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | • વિધવાપેન્શન<br>• સોલ્વન્સી સર્ટિફીકેટ<br>• ગામ નમૂના નં–૭ અને ૮–અ<br>• ગામ નમૂના નં.–૬ | ૩૦ દિવસ | સબંધિત તાલુકા વિસ્તાર | મામલતદારશ્રી મહેસાણા | આસીસ્ટન્ટ કલેકટરશ્રી/ પ્રાંત અધિકારીશ્રી મહેસાણા | કલેકટરશ્રી મહેસાણા | |
| ૨. | | ૧૦ દિવસ | | મામલતદારશ્રી ઉંઝા | | | |
| ૩. | | ૭ દિવસ | | મામલતદારશ્રી વિસનગર | પ્રાન્ત અધિકારીશ્રી વિસનગર | | |
| ૪. | | | | મામલતદારશ્રી વિજાપુર | | | |
| | | ૪૫ દિવસ | | મામલતદારશ્રી ખેરાલું | પ્રાન્ત અધિકારીશ્રી ખેરાલું | | |
| | | | | મામલતદારશ્રી વડનગર | | | |
| | | | | મામલતદારશ્રી સતલાસણા | | | |
| | | | | મામલતદારશ્રી કડી | પ્રાન્ત અધિકારીશ્રી કડી | | |
| | | | | મામલતદારશ્રી બેચરાજી | | | |
| | | | | મામલતદારશ્રી જોટાણા | | | |
| ૫. | • પરફોર્મન્સ લાયસન્સ (બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧) | ૧૦ દિવસ | સબંધિત સબ ડીવિઝન | સબંધિત સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ | અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા | જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા | |
| ૬.<br>૭. | • ખેડુત ખાતેદાર પ્રમાણપત્ર<br>• નાના અને સીમાંત ખેડુત પ્રમાણપત્ર | ૩૦ દિવસ<br>૪૫ દિવસ | સંબંધિત તાલુકા વિસ્તાર. | સંબંધિત મામલતદારશ્રી | સંબંધીત પ્રાંત અધિકારીશ્રી | કલેકટરશ્રી, મહેસાણા. | |
| ૮. | • નવા રેશનકાર્ડ માટેની મળેલ | ૩૦ દિવ | સબંધિત તાલુકા | સબંધિત મામલતદારશ્રી | જીલ્લા પુરવઠા | કલેકટરશ્રી મહેસાણા | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | અરજીઓ | સ | વિસ્તાર | ી | અધિકારીશ્રી મહેસાણા | | |
| ૯. | • નામ ઉમેરવા માટે મળેલ અરજીઓ | ૧૫ દિવસ | | | | | |
| ૧૦. | • નામ કમી કરવા માટે મળેલ અરજીઓ | ૧૫ દિવસ | | | | | |
| ૧૧. | • વિભાજનથી અલગ કાર્ડ કરવા માટે મળેલ અરજીઓ | ૩૦ દિવસ | | | | | |
| ૧૨. | • કાર્ડમાં સુધારણા કરવા માટે મળેલ અરજીઓ | ૧૫ દિવસ | | | | | |
| ૧૩. | • પાલક (ગાર્ડિયન) નિમણૂક અંગે મળેલ અરજીઓ | ૭ દિવસ | | | | | |
| ૧૪. | • રાજ્ય બહાર જતા કાર્ડ ધારક માટેના પ્રમાણપત્ર માટેની અરજીઓ | ૭ દિવસ | | | | | |
| ૧૫. | • ડુપિલકેટ રેશનકાર્ડ માટેની અરજીઓ | ૧૫ દિવસ | | | | | |

**સહી/-**
**(લોચન સેહરા)**

**કલેક્ટર મહેસાણા**